॥ શ્રી ડાકોરના ॥

રણછોડજીના

ગરબા.

પ્રસિદ્ધ કર્તા

બુકસેલર શંકરલાલ ઉમયાશંકર પાઠક.

શ્રી શારદા પુસ્તકાલય ડાકોર

આવૃત્તિ ૧ લી   પ્રત ૪૦૦૦

સંવત ૧૯૮૦   સને ૧૯૨૪

ડાકોર ટેમ્પલરોડ ઉપર આવેલા પોતાના શ્રી "હરિહર પ્રીન્ટીંગ પ્રેસ"માં જોષી જગન્નાથ જયશંકરે છાપ્યું અને પાઠક શંકરલાલ ઉમીઆશંકરે શ્રી શારદા પુસ્તકાલય ડાકોર-માંથી પ્રસિદ્ધ કર્યું

કીમત રૂ ૦-૧-૦

શ્રી શારદા પુસ્તકાલયનું સુચિપત્ર.

રામાયણ ગીરધરકૃત (ગ્લેઝ)	૪-૦-૦
,, રફ	૩-૦-૦
રામાયણ તુલસીદાસકૃત ગુજરાતીમાં	૧૦-૦-૦
મહાભારત વલ્લભવ્યાસકૃત	૭-૦-૦
,, દુર્ગાદાસકૃત	૨-૮-૦
શ્રીમદ્ભાગવત ગુજરાતી ભાષા	૬-૦-૦
જાલંધર આખ્યાન	૧-૦-૦
પાન્ડવ અશ્વમેધ	૦-૮-૦
સુધન્વા આખ્યાન	૦-૬-૦
મચ્છવેધ	૦-૬-૦
અભેમન્યુનો ચકરાવો	૦-૬-૦
સુરેખા હરણ	૦-૬-૦
પાંડવનું જુગટુ	૦-૬-૦
દયારામકૃત	૧-૪-૦
પ્રીતમ વાણી	૦-૮-૦
છોટમકૃત કીર્તનાવળી	૦-૮-૦
ઓડાણા આખ્યાન	૦-૧-૦

ઠાકોર શ્રી રણછોડરાયજી મહારાજનો વૃતાંત
(ગોર અને સેવકો વચ્ચે થયેલો સરકારી ફેસલો)
અંગ્રેજી ૦ ૧૨-૦ ગુજરાતી ૧ ૦ ૦

ડાકોરના

રણછોડજીના ગરબા

અલબેલી અંબેમાત જોવાને જઈએ....એ રાગ.

છોગાળા છબીલા છેલ, રણછોડ રંગીલારે,
કરી બોડાણા ઉપર મેહેર, છો મોરલીવાળા. રણછોડ ૧
અકળ કળા અલબેલા તારી, પાર ન પામે શેષરે,
વેદ વિચારી વિસ્મય પામ્યા, સમજાયો નહી દેશ. રણ૦ ૨
મહા મોટમ મહારાજ તમારી, મુખથી કેમ કહેવાયરે,
સમુદ્રમાંથી ચાંચ ભરે જેમ, પંખીની તૃષા જાય. રણ૦ ૩
મંદ મતિ મહારાજ મહારી મલીન મારૂં મનરે;
શરણે રાખો શામળીઆ મને, જાણી તમારો જન. રણ૦ ૪
દ્વારકાના વાસી મહા રાય,' રણછોડ તમ રૂ નામરે,
ઘણી દયા ગુજરાત ઉપર કરી આવ્યા ડાકોર ગામ. રણ૦ ૫
બોડાણાની ભક્તિ ભાવી ભુદરજી ભલી તમનેરે,
અટળ કળીયા ધરણીધર, દુરલભછો અગમ નિગમને. રણ૦ ૬
ધન્ય બોડાણા ધીરજ તારી, ધન્ય ધન્ય તારી માતરે;
પાતળિયો પોતાનો કીધો હેતે લીધા હાથ. રણ૦ ૭
સીતેર વર્ષ સેવા કરી, શામળીયો સમજાવાયરે;
ડાકોરથી સો દ્વારકા માહે, વર્ષે બે ત્રણ ફેરા થાય. રણ૦ ૮
કરમાં તુળસી વારીને જાય, ભતુર્ભુજને ચઢાવી રે,

પ્રભુજીનો [illegible] ત્યારે દીલમાં દયા આવી, રણ૦ ૯
અલબેલા બોલ્યા એમ મુખથી, બોડાણાની સાથરે,
એકાંતે આવીને કહું તે કોઈએ ન જાણે વાત રણ૦ ૧૦
ઘણા દિવસ તે મારે કાજે, મહા મોટુ કષ્ટ કીધુરે,
વપુ તારૂં વૃદ્ધ થયુ તે જોઈ મારૂં મન બીધું. રણ૦ ૧૧
તે માટે હુ તારી સાથે આવુ તારે ગામરે,
તારે ચરણે નથી ચલાતુ, તે માટે તજવું ધામ. રણ૦ ૧૨
કહ્યુ મારૂં માની કાલે જાવું ડાકોર ગામરે,
ડામણુ લાવ તુ વાત ન ફુટે, મનમાં રાખી હામ રણ૦ ૧૩
બોડાણો કહે બાપુજી હુ, ડામણુ ક્યાંથી લાવુ રે,
મારે ઘેર તો નથી મહારાજ, કેમ કરી લે આવુ. રણ૦ ૧૪
મોહનજી કહે માગી લાવો, જેવી તેવી વેહેન રે,
જાત જોયાનુ કામ નથી, બે જોડી લાવો બેલ રણ૦ ૧૫
બોડાણાને વચનજ આપી, વિદાય કીનો વળતીરે,
વનમાળી કહે તારે માટે, વાત આવી છે મળતી. રણ૦ ૧૬
વારૂ કહીને વીઠલજીને ચરણે પડ્યો કરજોડ રે;
લજ્જા મારી લટકાળા, તમો રાખજો જે રણછોડ રણ૦ ૧૭
અતિ આતુરતા અંગમા તેના, આવ્યો ડાકોર ગામરે,
પાડોશી પ્રત્યે કહી માગ્યુ, તમ સરખુ છે કામ રણ૦ ૧૮
ઉપકાર માનુ તમતણો જો આપો બળદને વહેલરે,
જાવુ દ્વારકા છેલ્લો ફેરો, શ્રીકમળજીની ટેલ રણ૦ ૧૯
પુરવાસી પાડોશી કહે ભાઈ જેવી તેવી ભળશેરે,

જેમ તેમ કરીને જોડી જાઓ, ભાગ્ય તમારૂં ફળશે. રણુ૦ ૨૦
એવુ સાભળી ઉઠયા પોતે, વારૂં કહી વેલ જોડીરે,
વેલા કરતા વનમાળીના મ દીર પાછળ છોડી રણુ૦ ૨૧
ગુગળી સહુકો હસવા લાગ્યા, કૌતક સરખી વાતરે,
બોડાણો તો આણે આવ્યો, લેઈ જવાને નાથ રણુ૦ ૨૨
વેહેલ ને બે બળદ જોતા, હસ્યા મુખ મચકોડીરે,
ત્રિભુવનમાં નહી મળે ભાઇ, આવી બેલની જોડી. રણુ૦ ૨૩
બોડાણો કહે હસો ભાઇઓ હસ્યા સરખી વાતરે,
ઇશ્વર ઇચ્છા કોઇન જાણે, કેવું થશે પ્રભાતે રણુ ૨૪
સભા થઇને શયન કરાવ્યુ રણુછોડને રગભેરરે,
અડધી રાતે ઉઠયા પોતે, પ્રીતમ કરીને પ્રેર રણુ૦ ૨૫
તાળા તોડયા ભુગળ ભાગી, આવ્યા મદિર બહારરે;
બોડાણાની પાસે આવી, પ્રેમે કર્યો પોકાર રણુ૦ ૨૬
જાગ જાગતું ઝટ પટ કરીને વિઠલ કહે વેહેલ જોડરે;
બોડાણો ઝબકીને જાગ્યો દીઠા શ્રી રણછોડ. રણુ૦ ૨૭
ગદ ગદ કંઠે ગળગળુ બોલે, થર થર ધ્રુજે અગરે;
ગોવીંદજી હવે ગત શી થાશે, તમો રાખજો રગ. રણુ૦ ૨૮
બળદ પુછ મરડી મારૂ પણ ચાલે નહી લગારરે,
પ્રાત સમે તો પકડશે મુને, મારશે બહુ વિધ માર રણુ૦ ૨૯
જગજીવન કહે જેમ તેમ કરીને, ઝાંપા સુધી કહાડરે;
હાંકીશ પછી હું હેત કરીને, માનીશ તારો પાડ રણુ૦ ૩૦
જેમ તેમ કરતા ઝાંપા સુધી પાછલી રાતે પહોચ્યારે;

ચશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સુતા. રણ૦ ૩૧
વેગે વહેલ ઉરાડી પોરે અંત્રીક્ષથી અલબેલેરે,
ઉમરેઠને ડાકોરની વચ્ચે, લાવીને તો મેલે. રણ૦ ૩૨
બોડાણાને કહે જગજીવન, જાગી જોને વાટ રે.
પ્રાત: થયો ઉઠ આળસ મેલી જો આવ્યો કંધ ઘાટ. રણ૦ ૩૩
આંખ ઉઘાડી ઉચુ જોયુ બોડાણે તેણી વારરે;
શામળીઆ સીમાડો મારા, ગામતણો નિરધાર. રણ૦ ૩૪
અલબેલો ઉતરીઓ હેઠે લિંબ તળે લટકાળોરે,
વિશ્રામ કીધો વાવડીએ થંભીને થાક ટાળ્યો. રણ ૩૫
લિંબડાનુ લટકાળા તમે એક ડાળ કીધુ મીઠું રે,
કર અડકાડી કડવાશ કાઢી, તે સર્વે દ્રષ્ટે દીઠુ રણ૦ ૩૬
પાતળીએ ત્યાં પગલા પાડયા, પોતાના સાક્ષાત રે,
અદ્યાપી એ ધાણી તેની, સર્વે જાણે વાત. રણ૦ ૩૭
એમ કહી અલબેલા આવ્યા દડબડ ડાકોર ગામરે,
બોડાણા પ્રત્યે એમજ બોલ્યા મને રહેવાનો કર ઠામ રણ૦ ૩૮
ધરણીધર કહે ધામ તજ્યુ મે તેસહુ કોઈએ જાણ્યુ રે
મંદિરમાં મુજને નહી દેખે, જયારે વહાશે વહાણુ રણ૦ ૩૯
ધસમસ ધસમસ ધાઈ આવશે ગુગળીઓ ઘરવાળારે
શામળીયો કહે મુજને સંતાડી તુ ઝાલી બેશને માળા રણ૦ ૪૦
ગોમતીમા ગોવીંદજી પેઠા વાવમા વનમાળીરે,
માળા દેતા ગુગળી આવ્યા થોડે દીવસે ચાલી રણ૦ ૪૧
બોડાણાને બાંધીલાવો ગુગળો એમ બોલ્યારે,

બોડાણો ગોરસ લઈ મળવા ગયા સહુના પહેલા   રણુ૦ ૪૨
આવતામાં આંખ ચઢાવી ગુગળીએ વીકાળરે;
ચોરતુ કેમ ચોરી લાવ્યો સુંદરજી ભુપાળ.   રણુ૦ ૪૩
બોલ બોલ કહી બરછી મારી મુર્છાગત તે પાડયોરે,
અંગીકાર કરી અલબેલે, કુખમા દીસે ખાડો.   રણુ૦ ૪૪
ગોમતીમા રૂધીર થયુ તે જાહેર જુગ મોઝારરે,
એ એંધાણે અલબેલોજી શોધી કાઢયા નીર બહાર   રણુ૦ ૪૫
બે વચનો ત્યાંથી બળવંત બોલ્યા હુ હવે નહી આવુરે,
મુજ બરાબર સોનુ લઈને, કરો તમે મન ભાવ્યુ   રણુ૦ ૪૬
લાલચમા લપટાણા સાથે લોભમા લેવાયારે
સરકાર સર્વે પંચ મળીને ત્રાસ તીરે લાવ્યા,   રણુ૦ ૪૭
સામા સાગુ લખ્યુ લઈને, બોડાણો એમ બોલ્યારે,
એ હરિ અલબેલા સાથે પ્રીતે પડદો ખોલ્યો   રણુ૦ ૪૮
મહારાજ મુજ પાસ નથી વાલ કેરી વીંટીરે,
સોનુ જોઈએ શામ બરાબર ચીત્તમાં ચીંતા મોટી.   રણુ૦ ૪૯
ગોવીંદજી કહે ઘેર જાઈને ગંગા બાઈને પુછોરે,
સવા વાલની વાળી છે, તે લાવો કાં તમે ધ્રુજો.   રણુ૦ ૫૦
ઘેર આવીને ગંગાબાઈને વાત કહી વીસ્તારીરે,
વાળી લઈ વનમાળી તેડે, ગોવીંદની ગત ન્યારી.   રણુ૦ ૫૧
તરત લેઈને તીર આવ્યા વાળી રાખી પાસરે;
લાજ રાખજો લટકાળા, હુ ચરણ કમળની દાસ   રણુ૦ ૫૨
વડની ડાળે ત્રાજુ બાંધી મોહનજીને તોલ્યારે;

વાળી નમીને ત્રાલમ કરતા તવ જે જે સહુકો બોલ્યા રણુ૦ ૫૩
ઓખા થઈને જગજીવનને ગુગળી ગાળો દેછેરે,
કાળા તુજમા કપટ ભર્યું છે જુડ ઘણેરૂ રહેછે. રણુ૦ ૫૪
બાળપણે તે મામો માર્યો મથુરા નગરી માહેરે,
આજ લગી અમને અથડાવ્યા હવે જઈએ ક્યાંય. રણુ૦ ૫૫
પ્રભુ કહે પાછા ફરો જાઓ દ્વારકા મોઝારરે,
સ્વરૂપ મારૂ સેવગ્રી માંછે તે કહાડજો બહાર રણુ૦ ૫૬
નિરાશ થઈ નિસાસો મુકી ગુગળી ઘેર પધાર્યારે,
સેવત્રીમા જઈને જોયુ પ્રભુ ત્યાંનો પધાર્યાં રણુ૦ ૫૭
સંવત બારને બારમા પ્રભુ બાકી કશી ન રાખી રે,
દયા કરી ડાકોરમા આવ્યા તે સર્વે પુરે સાખી. રણુ૦ ૫૮
વરસ પાંચસો અગણોતેર સુધી અલબેલે એમ કીધુરે,
ત્યાં લગી તો ગોમતિ તીરે સહુને દર્શન દીધુ રણુ૦ ૫૯
અબેશીગ એક રાજા આવ્યો મારવાડથી મોટોરે,
પીલાજી શુ પ્રપંચ કીધો મનમા મેલજ ખોટો રણુ૦ ૬૦
તેણે મન માન્યુ મોહનજીનુ મંદિર તો આદરવુરે
જગજીવનને જોમ મેળવવા પરમેશ્વરનુ કરવુ રણુ ૬૧
ગરજ કીધુ જાણી વજીર રતનસીગને તેડેરે,
મોહનજીનુ મંદર મોટુ કર તું દીવસ થોડે રણુ૦ ૬૨
મંદર કરીને મહારાજને પધરાવ્યા ત્યાં પ્રીતેરે,
સંવત સતર એકાશીમા રગીલો રગ રીતે રણુ૦ ૬૩
માણેકદાગીએ મેળા કીધો મોહનને મન ભાવેરે

વૈષ્ણવ વાણીઆ લેઇ સર્વે સત્ર મમાજે આવે. રણ૦ ૬૪
મોટુ મહાત્મ જાણીને જન સર્વે દર્શને આવેરે,
ભેટ સામગ્રી શણગાર સારા શામળાજીને લાવે રણ૦ ૬૫
મેળો મહા ભારત થયો તે,મંદિરમાં ન માયરે;
જગજીવનને જોવાને તો જન તણા જીવ જાય. રણ૦ ૬૬
ત્યારે મહારાજે મુસુમો કીધો,મંદિર મોટુ કીજેરે
ઉંચે આસને અમો બેસીને, દર્શન સહુને દીજે રણ૦ ૬૭
નાળીકરને તરત કહ્યુ તે, ક્ષણ ન લાગી વારરે,
ડાકોર મધ્યે દોડી આવ્યો પુનાનો રહેનાર. રણ૦ ૬૮
આવીને આલબેલા કેરૂ, આરભ્યુ મંદિર રે,
સલાટ સારા શોધી કહેછે, વેગે કરજો વીર રણ૦ ૬૯
કામ કરતા કમર ન કરશો, પૈસો પુરો પાડુરે,
ધન તો ધરણીધરનુ સર્વે ધ્યાન મુસ્તક માડુ. રણ૦ ૭૦
પાયામાંનો પત્થર પુર્યા સીસુ ઢોળ્યુ સારરે,
મોહનજીનુ મંદીર કીધુ, શોભાનો નહી પાર. રણ૦ ૭૧
મહારાજશ્રીનું મંદિર ત્યા તો ત્રીજે વરસ તૈયારરે,
પ્રભુજીને પધરાવા તણો કીધો છે નીરધાર રણ૦ ૭૨
સર્વ મળીને શામળાજીની પાસે આવ્યા પ્રીતરે,
મુહુર્ત જોવા માટે જોશી તેડ્યા રંગ રીતે રણ૦ ૭૩
મુહુર્ત જોઇને જોશી કહે છે, મંદિરમાં પધરાવોરે;
મોટુ મુહુર્ત આજ દહાડો ફરી ન આવે આવો. રણ૦ ૭૪
આલબેલાજીને ઉચકે પણ, ખસે નહી તલ માત્રરે,

વિચારી સહુ વિસ્મય પામ્યા ભવિયા સહુના ગાત્ર રણુ૦ ૭૫
શુ થાશે શામળીયા મોટુ મંદિર મીથ્યા થાશેરે,
તાંબેકર કહે ટેક રાખજો લજ્જા મારી જાશે રણુ૦ ૭૬
પુણ્યદાન સહુ પેરે કીધા પાતળિયો પધરાવારે,
તો એ પણ મોહન નામાને મોટે મંદીર જાવા રણુ૦ ૭૭
સાંજ પડીને સહુ કોઇ થાક્યા ક્યાય ન સુજે વાતરે,
અલબેલાને એ ગમ્યુ કરી હેઠા પડીઆ હાથ રણુ૦ ૭૮
પ્રભુએ પ્રેર્યા પુરવાશી કોઇ બોલ્યો એવી વાતરે
જગજીવનને જોઇએ ભાઇ મો બોડાણાની જાત રણુ૦ ૭૯
તેના કુળમા કોઇ હોયતો, અલબેલાજી ઉઠેરે,
ખોળ કરીને ખબરમગાવો, તો ત્રીકમજી તુઠે રણુ૦ ૮૦
શોધ કરીને શોધી કાઢયો કુળ મધ્યનો કોઇરે,
જોતામા જગજીવન કેરૂ મન હર્યું છે મોહી રણુ૦ ૮૧
અલબેલાને અંગે અડકયા સંગે સઘળો સાથરે
અંતરીક્ષ ઉઠયા અલબેલો, તે કોઇ ન જાણે વાત. રણુ૦ ૮૨
પ્રીત કરી પાતળિયો લઇને મોટે મંદિર આવ્યાર,
સિંહાસન ઉપર શામળીયો હરજી હેતે માંડયા રણુ૦ ૮૩
સંવત અઢાર અઠયાશીસે પ્રીતકરી પધાર્યારે,
સહુને સુખ આપ્યુ સામળીએ, અંગે રંગ વધાર્યા રણુ૦ ૮૪
બોડાણાનુ બીરદજ ગાવા, વશ બોલાવ્યો વહાલેરે,
તાંબેકર તને તેડીને સરપાવ સારો આલે. રણુ૦ ૮૫
ડાકોર કીધુ દ્વારકા તેં, તોકમજી તતકાળ રે,

લવ લવ મારી લેખે ગણજો, તમો પિતા હુ બાળ. રણુ ૮૬
સીહાસનની શોભા સારી, આરસનુ મહી મમરે,
મધ્યે મોહન તમે બીરાજો, જોવા સરખુ ધામ. રણુ૦ ૮૭
ચરણુકમળનું ચિતવન કરતા ચીતા ચીત્ત ઓલાયરે,
નેપુર ઝાંઝર ઘુઘરીઓ અલબેલા લેવુ બલાય. રણુ ૮૮
પીતામ્બર પીળુ છે, તેની જડીત છે કોર રે,
જડીત કદોરો જોડે શોભે ઘુઘરીઓ ઘન ઘોર રણુ૦ ૮૯
કસબી વાગો કનક સરીખો, પટકો પીળો શોભેરે,
લેહેર કસબની છેડા ઉપર અલબેલાને ઓપે. રણુ૦ ૯૦
ચારે હાથે ચર્તુભુજને કડા ચુનીઓ તાળાં રે,
સાંકળી સંગે સારી શોભે બાજુબંધ નખરાળાં રણુ ૯૧
આંગળીએ અંગુઠી ઉજ્જવળ, વેઢ અને વળી વીંટીરે:
પોચી સાંકળી પાતળીઆને, મુખમા મોરલી મીઠી રણુ૦ ૯૨
મોતીમાળા ત્રણુ તેવડી અલબેલાને ઓપેરે,
મોહનમાળા મોતી માંહે ચરણે જઈને ચાપે, રણુ૦ ૯૩
સોનાની સાંકળીઓ દોરે ડુગ ડુગીઓ માહે ઝળકેરે
શંખ ગદાને પદ્મ ચક્ર ચારે હાથે ચળકે. રણુ૦ ૯૪
મળુબ ન. મળામા સોહીયે કાને કુંડળ મોતી રે;
જડાવનુ તિલક જદુવીરને અખંડ જ્યોત ઉદ્યોતી રણુ૦ ૯૫
મુગટ મનોહર મહારાજનો, જુગમા ન મળે જોડરે,
મધ્યે ચુનીઓ ઝળકે ઝાઝી કલકીનો તોરો રણુ૦ ૯૬
અદ્ભુત રૂપ અકળમાં નાવે, એક રસના શુ ભાખુરે;

અપાર એનો પાર નથી હુ કેમ કરીને ઝાખુ રણુ૦ ૯૭
જેને જેવા જોઇએ તેને, તેવા છે અલબેલોરે,
ગવાય તેમ ગુણુ ગાજો એના, રખે મુગગો મેલો રણુ૦ ૯૮
ધન્ય બોડાણા ધીરજ તારી, બળવતને તે બાધ્યોરે,
જોગી મુનીને જે છે દુર્લભ, તે પ્રભુ તુજને લાધ્યો રણુ૦ ૯૯
ડાકોરમા ઠીક નીકળાયો, પ્રગણામાં પ્રિતેરે,
દુનીયામા તે ડંકા કીધો, ડાકોર રહે રગ રીતે રણુ૦ ૧૦૦
ચાર જુગમા જાણુ થયો તુ, બોડાણો બલિહારીરે,
તન મન ધન તે ત્રિકમ ઉપર સર્વે નાખ્યુ વારી રણુ૦ ૧૦૧
અલબેલાને અરજ અમારી, એકાંતે તમે કહેજો રે,
અવગુણુનો તો આક નથી, તમો શામળીયાજી સેજો રણુ૦ ૧૦૨
જો મોહન મનમાં આણો તો જુગમા ન મળે જોડરે,
ત્રાહી ત્રાહી શરણાગત રખો રગીલા રણછોડ રણુ૦ ૧૦૩
જે જે અવગુણુ જોશે તો, પ્રભુ મુજમા ભર્યા ભરપુરરે,
આગ કરો તો ઉડી જાઉં જેમ આકડાનુ તુર રણુ૦ ૧૦૪
શામળીઆ તમે સામુ જુઓ સ્નેહ ધરી શામરે,
મન ફરી મોહનજી મારૂ સેજે થાયે કામ રણુ૦ ૧૦૫
ચરણુ કમલમાં ચિનકુ મારૂ તાણીને તમો રાખોરે,
ધણી થઇ ગીરધારી મુજને, તરછોડી ના નાખો, રણુ૦ ૧૦૬
બેઉ કર જોડી ચરણે લાગુ સો સો કરૂ સલામરે,
રણછોડને તમે રાખો રસીઆ, ખાનાજાત ગુલામ રણુ૦ ૧૦૭
ગ્ય રણછોડનો ગરબો જે કોઈ ગાશે પુરણુ પ્રીતેરે;

તે ઉપર રીઝે રંગીલો રસબસ થઇ રંગ રીતે ગરુ૦ ૧૦૮
સહુ મળીને સાંભળજો હું કહું છું વાર વાર રે,
ભુલ્યુ ચુક્યુ માફ કરજો કર્તા છે કીર્તાર ગરુ૦ ૧૦૯
સંવત અઢારસે અગણોતેરે, આઠમ આસો માસરે,
કૃષ્ણ પક્ષ છે રવિવારે ગુણ ગાયછે રણછોડ દાસ, ૧૧૦

મીરાંબઈનું પદ.

હરિ ચાલો ડાકોરમાં જઇ વસીએ,
હારે મને લેહ લગાડી રંગ રસિયેરે ચાલો૦ ૧
હારે પ્રભાતના પહોરમાં નોબત વાજે,
હરિ અમે દર્શન કરવા જઇએ રે ચાલો૦ ૨
હારે અટપટી પાઘ કેસરીઆ વાગો,
હારે કાને કુંડળ સોહીએરે ચાલો૦ ૩
હારે પીળા પીતાંબર જરકશી જામો,
હારે મોતન માળાથી મોહીએરે, ચાલો૦ ૪
હારે ચંદ્ર વદન અણીઆળી આંખો,
હારે મુખડું સુંદર સોહીએરે ચાલો૦ ૫
હારે રુમ ઝુમ રુમ ઝુમ નેપુર વાજે;
હારે મન મોહ્યું મારૂં મોરલીએરે, ચાલો૦ ૬
હારે મીરાબાઇ કહે પ્રભુ ગિરધરનાગર;
હારે અંગો અંગ જઈ મળીએરે. ચાલો૦ ૭

હરિજીરામ કૃત (લાવણી.)

ચાલો જઈએ દર્શન કરવા, ડાકોરમા ઠાકોર બીરાજે છે;
દીનાનાથ દયાળ દામોદર દર્શનથી દુખ ભાગે છે. ... ટેક.
પહેલુ દુખ બ્રહ્માનુ ભાગ્યુ શંખા સુરને મારીને;
શંખ નારાયણ બેટમા બેઠા વેદ લાવ્યા ચાર વાળીને.
કચ્છપ રૂપે સાગર મથીઓ, ચૌદ રત્ન બહાર કાઢીને
અમૃતનો અમરોને પાયુ વીષ પાયુ વીષ ધારીને,
વરાહ રૂપે પૃથ્વી લાવ્યા આધ નિરંજન આજે છે   દીનાનાથ૦ ૧
પ્રહલાદજીની પ્રિતી પાળવા ન હરી, નરસિંહ રૂપ ધર્યું,
હીરણ્યા કશ્યપ ને નખે વધેર્યો વિધિનુ વાચક સફળ કર્યું,
વામન રૂપે બળીને ચાપ્યો ઇંદરાનુ કાજ સર્યું,
લક્ષ્મીજી છડીદાર થઇ ઉભાં બળીરાજાનુ ભાગ્ય ભળ્યુ,
ફરશી ગ્રહી નક્ષત્રિ કીધી, જઇ કુકણ બીરાજે છે .. દીનો ૨
અનેક દુખ દેવતાના ભાગ્યાં રાજા રાવણ મારીને,
વિભીષણને લંકા આપી પથરા પાળજ તારીને,
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો ગોકુળમા ગૌ ચારીને,
મોરલીમા મહા મોહ પમાડયા ત્રણ લોક નર નારીને,
બુધ્ધા રૂપે જગનાથજી જગ મગ જોત બીરાજેછે .. દીનો ૩
અકળ કળા નવ ખંડમા વ્યાપી ઘટ ઘટમા તમો રમી રહ્યા
ડાકોરમાં ઠાકોર બીરાજ્યા બોડાણા પર કરી દયા,
ગંગા બાઇના ગુણ વધાર્યાં સત્ય વાતથી ઓછા થયા,
ભક્તિ જાણી સારંગપાણી ગુમળી પાછા ફેરગયા,

માખણીમો અરો છે સારો લીમડો મીઠો લાગેછે. હીંડો૦ ૪
ઊંચુ દેવળ ઊંચુ શીખર ધોળી ધજા ફરફરે
બે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યા ગર ગડે
ગોમતી તીરે સંગમ તીરે સંગ આરતી ત્યા પડાપડે;
આઠે દાડે શુક્ર વારે વાલમનો વરઘોડો ચઢે;
રણછોડ રમીઓ સહુમાં વસીઓ સહુને માથે ગાજેછે. હીંડો૦ ૫
ઉત્તર દક્ષિણ પુર્વ પશ્ચિમના લોક દર્શને આવે છે,
મોટા મોટા સંઘ ભરીને સંગ ડાકોરમાં લાવેછે,
નેણે નિરખુ હઇડે હરખુ રૂપ ઉપર જાઉં બલીહારી;
શંખ ચક્ર ને પદ્મ બિરાજે ગદા ધરી છે ગીરીધારી;
સાકર માખણ તુળસીની માળા, રાય રણછોડને ચડાવેછે. હીંડો૦ ૬

મંગળા આરતિ. ૧ લી.

રસબીના સપ રણછોડ વસો મારી હૃદીયામાં
સુખ સાગર શ્રી રણછોડ વસો મારી હૃદીયામા
પ્રાતઃ સમે પ્રભુનુ મુખ નીરખી આનંદ ઉર ન સમાયરે,
સુર નર મુનીવર વેદ વખાણે નારદ શારદ ગાય. વસો૦
કોટી ચંદ્ર છબી મુખ પર વારી અકળીત રૂપ અપારરે;
મંગળ રૂપ મનોહર દીસે સેવક સુખ ભંડાર વસો૦
તાલ મૃદંગ વિણા રસ વાગે મુખ મોરલી ઘનઘોરરે
પ્રેમ કરીને પદ રજ વંદુ ગોપીચંદ્ર ચકોર. વસો૦
કંચન થાળ કપુર ભરી મહી પાંચે જ્યોત પ્રકાશરે;
આરતી ઉતારૂ ચારા અક્ષણોની રાધા રમણ વીલાસ વસો૦

અરે સીદ્ધી આગળ ઉભી મુક્તિ રહી કર જોડરે,
પ્રાણજીવન પરષોતમ સ્વામી, રાજ કરો રણછોડ વસો૦

આરતી ૨ જી.

મારે દીવાળી થઇ આજ હરી મુખજોવાને,
મારા સરીયા સઘળા કાજ ભવ દુઃખ ખોવાને... મારે૦
આજ દીવાળી કાલ દીવાળી, હરી જોયામે ન્યાળીરે;
સુંદર મુખ જોવાને કાજે, આખડી થાય કાળી.
આજ મારે દીવાળી.

રત્ન જડીત સોનાની થાળી માંહી ભર્યો કપુરરે;
આરતી ઉતારૂં મારા અલબેલાની, રવી ઉગમતે સુર આજ૦
સાવ સોનાનો સુરજ ઉગ્યો, દુધડે વરસ્યા મેહરે;
રામ કૃષ્ણ પ્રભુ એટલું માગુ સેવાને અર્થે દેહ. આજ૦

આરતી ૩ જી

જે રણછોડરાયા જે રણછોડરાયા.
આરતી કીજે મહારાજની લોપે નવ માયા જે રણછોડ ટેક ૧
મોર મુગટ શીર છત્ર બીરાજે મણી માણક ચળકે, જોને મણી
મુખ બહુ મુગતના તોરા ચરણ સુધી લળકે જે રણછોડ ૨
પાઘ કસુંબી ઝીણી સરપેચ ભેગા બહુ ધરીયા (૨)
તીલક લલાટે હીરા માણેક મોતી બહુ ભરીયા જે રણછોડ ૩
કેસર આડ મહારાજને કુંડળ હથી સુત એણે જડીયા (૨)
એક હાથે આંગટી કેરા ત્રણ ભુવન લડીયા જે રણછોડ ૪
અમુલ્ય વરની આંખલડી મેં સુખ આલે [૨)

મુખારવિંદ તણી શી શોભા કેસર છે ભાલે. જે રણછોડ ૫
અમુલ્ય હીરા હોઠ બીરાજે સ્ફાટીક રવી ચળકે (૨)
કૌસ્તુભ મણી કંઠમાં ઓપે માળા બહુ ઝળકે જે રણછોડ ૬
અનેક આભુષણ રત્ન હીમના પુષ્પ તણી માળા (૨)
તુલસી હાર ચઢાવે પ્રભુને તે જન બહુ વાલા જે રણછોડ ૭
જરકસી જામો અંગે સોહે વીધ વીધ બહુ ભાતે (૨)
ઇંદ્રાદીક બ્રહ્માદીક સર્વે સ્તુતિ કરે ખાંતે. જે રણછોડ ૮
ચતુર્ભુજ પુરૂષોતમ પુરણ અવિનાશી નામે, (૨)
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે બેઉ દક્ષિણ વામે. જે રણછોડ ૯
કટી મેખલા પીતાંબર ઉપર બાંધ્યો છે પટકો; (૨)
દીનાનાથ દીસે છે દયાળુ અજબ બન્યો લટકો. જે રણછોડ ૧૦
ચરણ કમળ આનંદ સાગર, સેવક સુખકારી; (૨)
જે જન આવી નીરખે પ્રભુને દુઃખ કાપે ભારી જે રણછોડ ૧૧
છબી વાંસળી નેપુર ઓપે નટવર ને વેષે (૨)
ગોપ થઇને ગાયો ચારી ગોપી રમ્યા રાસે જે રણછોડ ૧૨
જે પ્રભુ આપ અનાથના નાથ તે ડંકપુર વાસી (૨)
ડાકોર નાથ થઇ ને બેઠા પોતે અવીનાશી જે રણછોડ ૧૩
આઠ શીખર ગોડીધર ઉપર ચોઘડીયાં વાજે (૨)
નોબત શબ્દ સુણીને પ્રાણી દુઃખ તેનાં ભાગે જે રણછોડ ૧૪
દરશન દીનાનાથ દયાળુના જે આવી કરશે [૨]
કોટી જનમના પુરણ પ્રાશ્ચિત તે પળમાં હરશે જે રણછોડ ૧૫
આરતી આ પુરૂષોતમ કેરી પ્રેમ ધરી ગાશે (૨)
સુખ સંપત પામી તે પ્રાણી વૈકુંઠે જાશે. જે રણછોડ ૧૬

સાત વારનો ગરબો.

આદીતે આનંદ સઈઅર રહ્યું રે,
ગરીધરણું ઘરવાસ વૃજમાં રહ્યું રે;
સોમે પામ્યા સુખ શીવજી ફળીઆરે;
શ્રી નંદજીનો લાલ સુજને મળીઆરે
આ મંગળે મને હેત હરીશું લાગ્યુંરે;
આ રૃદય કમળનું ભાગ્ય હરીએ વાગ્યુંરે.
આ બુધ આવ્યો શુદ્ધ જોવા જઈએરે;
આ જાની કરીએ ગુજ વાહલ થઈએરે.
બ્રહસ્પતિ ગુરૂ પરતાપ સુખછે સહુનેરે;
આ સખી ઘણો આનંદ રાધા વરનેરે.
શુકરના સર્વે બોલ સહુને ગમતારે;
આ લેતા તાળી હાથ રજની રમતારે.
આ શનીએ સંદેશો હરીને કાવ્યોરે,
આ જોગ બન્યોછે આજ રમવા આવોરે.
આ સાતવાર જે ગાય નરને નારીરે;
તેનો વઈકુંઠ થાયે વાસ દેવ મોરારીરે.

સમાપ્ત.

શિવ પુરાણ સંસ્કૃત પોથી	૫-૮-૦
„ ગુજરાતી પદ્યમાં પાકું પુઠું	૪-૮-૦
અમર ચરિત્ર ભાગ ૧ થી ૪ સેટ એકના	૧૨-૦-૦
સતિ સાવિત્રી ચરીત્ર કાચા પુઠા ૦-૮-૦ પાકા પુઠા	૦-૧૦-૦
શ્રીમદ્ભગવત્ ગીતા ગુ. ટીકા પાકા પુઠા	૦-૬-૦
„ શ્રીધરી ટીકા રેશમી પુઠું	૧-૦-૦
પચરત્ન ગીતા રેશમી પુઠા ગુટકો	૧-૧૨-૦
પંચીકરણ	૨-૦-૦
અષ્ટાવક્ર ગીતા	૧-૮-૦
શિવ મહીમ્ન ગુ. ટીકા	૦-૩-૦
સંત સમાજ ભજનાવળી	૦-૧૨-૦
નગાખ્યાન મોટું	૧-૪-૦
કુલીનની કંન્યા (ભાગ ૧ લો)	૦-૪-૦
કમનસીબ કમળા	૦-૪-૦
આધુનીક અપશકુન	૦-૪-૦
આન્હિકસાર—સંક્ષેપ યજુર્વેદીય સમાનુતી તથા ઉપયુક્ત શાસ્ત્રાર્થ સાથે	૧-૦-૦
ત્રીકાળ સંધ્યા યજુર્વેદીય	૦-૧-૦
વિષ્ણુ સહસ્ત્ર નામ [illegible]	૦-૨-૦
ડાકોર મહાત્મ્ય મુળ હિંદી ટીકા સહ પોથી	૧-૦-૦
ડાકોર મહાત્મ્ય રણછોડજીકા ખ્યાલ બાળબોધ લીપી	૦-૧-૦
તુલસીદાસકૃત રામાયણ સોલ પેજ ગુટકો	૧-૪-૦

તુલસીદાસકૃત રામાયણ બત્રીસ પેજી	૧-૦-૦
,, ,, ભાષા ટીકા	૩-૧૨-૦
શુકોક્તિ સુધાસાગર (ભાગવત) ભાષામાં	૨-૧૨-૦
ભજન રત્નાવળી બડી	૨-૮-૦
પાંચો પટલના ગુટકા.	૧-૪-૦
શિવ મહીમ્ન સ્તોત્ર	૦-૧-૦
સતિસાવિત્રી ચરીત્રનો ગરબો (નામદાર સરકારના કેળવણી ખાતા તરફથી ઇનામ માટે મંજુર કરેલો) નવો	૦-૧-૦
રસિયા વિવાહ.	૦-૧-૦
શ્રવણ આખ્યાન	૦-૧-૦

એ સિવાય તમામ જાતનાં સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને ગુજરાતી નિશાળમાં ચાલતાં પુસ્તકો મળશે.

બુકસેલર શંકરલાલ ઉમીયાશંકર પાઠક.

શ્રી શારદા પુસ્તકાલય ડાકોર.